# ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝઘડિયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ પ્લાન્ટ દ્વારા પર્યાવરણ સાતત્ય માટે અનોખી પહેલ

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૧૩

ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝઘડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ પ્લાન્ટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૨૭ મે, ૨૦૧૯થી ૧૧ જુન, ૨૦૧૯ સુધી પર્યાવરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી.

સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને યુનિટ હેડ કે.આર. વૈદ્ય દ્વારા કંપની દ્વારા પર્યાવરણની જાળવણી માટે લેવામાં આવતા વિવિધ પગલાંઓ જેવાકે શૌચાલયોના બાંધકામ દ્વારા ગામને ખુલ્લામાં શૌચ મુક્ત કરવું, ફુલવાડી અને કપલસાડી ખાતે ખેત વિસ્તારમાં વરસાદી પાણીના સંચય માટેના ૩૫ યુનિટ બનાવવામાં આવ્યા.

વધુમાં, કંપની દ્વારા ગ્રામ્ય લોકોના આરોગ્ય હેતુ કેમ્પનું આયોજન, શિક્ષણ હેતુ શિષ્યવૃત્તિ વિતરણ ઉપરાંત આવનારા દિવસોમાં ભરૂચ શહેર ખાતે શરૂ કરવામાં આવનારા દિવસોમાં ભરૂચ શહેર ખાતે શરૂ કરવામાં આવનાર વિવિધ પહેલો વિશે જાણકારી આપવામાં આવી.

આ ઉપરાંત, જીઆઈડીસી દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ ઉપર વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન લગભગ ૫૦૦૦ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ ૬૫૦૦ જેટલા ઝાડ ઉછેરવા અંગે કંપનીની પ્રતિબદ્ધતા જણાવી હતી.